ચાંપરાજ હાડાના ખેલના

ગાયનો.

કેટલાએક વધારા તથા સુધારા સાથે.

JAMNADAS BHAGVANDAS & CO.
BOOKSELLERS & PUBLISHERS
BHULESHWAR ROAD
BOMBAY.

મુંબાઈ,
સુબોધપ્રકાશ પ્રેસમાં છાપ્યા.

સને ૧૮૮૯. સંવત ૧૯૪૫.

કીમ્મત એક આનો.

ૐ૦૧

ચાપરાજ હાડાના ખેલના ગાયનો

પ્રાર્થના.

રાજ બાગમાં ચાલોરે બેની જઈએ—એ રાગ.

શંકર સાહ્ય કરો, તમોને. શંકર સાહ્ય કરો,
ભવનિતારક. વિશ્વઓધ્ધારક, દુઃખરૂપ મુળ હરો,
અધમ ઓધ્ધારણ. દુઃખનિવારણ, વિનંતી લક્ષ ધરો.
પરમાનંદ પ્રભુ શરણ ગ્રહિને સુખ શાન્તિને ભરો.

चांपराज— ઝુરતી તેરી—એ રાહ.

પ્રધાન મારા સત્ય કહોને, કહો કેમ બાંધ્યા ! ધર્મ ન્યાય ધારા.—ટેક.
કયમ બાંધી વણુપાળ ! શી રીતે રાખી સંભાળ ?
સમજાવો સૌ સાર. આજ પાસ મારા.—પ્રધાન.

ક્યુંકર જાન રહે જાનાં—એ રાગ.

सत्यवक्त—

ધન્ય ધન્ય હાડા કુળ પરમાણુ, પ્રભુએ નિપજાવ્યો નીરમાણુ,
છો તું કુળમાં રત્નનિ ખાણુ, પરન્તુ જાણુ થયો તું અજાણુ,
ઇશ્વરે નાખ્યું છે તેજ દબાણુ, વિસારી દઇને તે તું નવાણુ.—ટેક.
કાંતા વિલાસી બહુ ગમતાથી, સુખોપભોગી થયો છું,
પ્રજા રક્ષા ધર્મ તું ભુલી ગયો છું.

કોન હરી વીન ભુંડી સુલ કાડે—એ રાહ.

बारोट—

ઘમઘોર ઘેરાયો ઘનભારી, ઝરમર ઝરમર ઝડી વરસાવી.–ટેક.
ચોગરદમ આકાશ છવાયું, નિશા થઇ અંધકારી,
ગડગડાટ થઈ દામિની ચમકે, ઈશ ગતિ બલિહારી.—ઘમ.

ઈન્દ્રાસનએ ફુએલી મોરીવાં—એ રાહ

दासी–જ્યાં પતિવ્રતનું પાલન થાએ, ત્યાં નહી ન્યુન કશાની.
ધન્ય ધન્ય હે હાડા રાણી, તુજ વ્રતની આ નિશાની;
ઝડી આવી ભારી, કર્યા સૌ જનને સુખકારી,
આનંદે સૌ ડોલી રહ્યાં છે, પશુ પંખી નરનારી;
મેઘરાજે મેહેર કરીને, કરી દીધી જળધારી;
ઝડી આવી ભારી, કર્યા સૌ જનને સુખકારી.

આજ મજ સાહુજ અલાણીહ્હાસ—એ રાહ.

सोनराणी–મનોહર બાગતણો આ બાહાર,
આનંદ આપે બાઇ ખચીત આવાર—ટેક.
દુઃખ વીસરાવી સુખ ઉપજાવે, શોભા છે શુભ અપરંપાર–મનોહર.
જાઈ જુઈ ચંપો ચંએલી, મોગરો ડોલર હાર શણગાર–મનોહર.

કૌનસા મોહની શાકલકુતિર કર—એ રાહ.

सोनराणी–આ ખટ મોગરો ગુલાબ કેતકી, જાઇ જુઇ શણગાર,
કરીદે એ સરવે તઇયાર.
પુષ્પ સુગંધિ સુગંધ લગાડી, લાવ બાઇ આ વાર,
કરૂં સ્વામી કાજે હું હાર.

એ આધારને આધારે હું, જીવું છઊં નીરધાર,
અચળ રે મુજપર એનો પ્યાર.—ટેક.
થાએ વીયોગ કે અંગે ઉઠે અંગાર,
નહિ વિયોગ પતીનો મુજને જરા સુખકાર,
નહીરે મુજ મનમાં ચેન વીયોગે લગાર,
આહા ખરે મુજ પ્રાણધારતે, છે શુરવિર સરદાર,
પ્રજાનો છે તે રક્ષણ હાર.

ઈંદ્રાસનમે ફુલી મોરીવાં—એ રાહ.

सोनराणी—ચેન ક્ષણું નહી પતી વીયોગે, ઘડીયુગ ભવ સમજાય.
સઉ સુખને, હું દુઃખ રૂપ માનું, એક પતી વીનાય.
ભોજન ભાવે નહીં, સુખ શેનાથી આવે નહી.

ઉપલી રાહ.

दासी—છે સાચો જ્યાં પ્રેમ તમારો, તયાં નહી મુને નવાઈ
તે પણ ઝુરે આપ વીયોગે તમ પરમાણે બાઇ
એવી છેજ ગતી, ઉભયની સરખી છે રીતી.

અલબેલી અંબે માત જોવાને જઈએ—એ રાહ.

सोनराणी—આ સરદ રૂતુનો બહાર, સ્વામી શું કહું તમને,
છે બહુ સ્વામીનો પ્યાર, કહે શું ન્યુન મને—ટેક.
ઈચ્છું સેવા મનથકી હું વણ મુલની છું દાસીરે,
આનંદ આપો પાસ રહીને વીયોગે ઉદાસી—સ્વામી.
પુજન બાધા કે આરાધન, પ્રભુનાં પ્રેમે થાયરે,
જો સ્વામી અવકૃપા કરેતો સરવે ફોકટ જાય—સ્વામી.

જે સ્વામીને સેવે તેને બીજા શાને દેવરે;
સ્વામીમાં સઉ દેવ વસ્યા છે, કરીએ પ્રેમેસેવ—સ્વામી.

અજી સૈયાં છાંડ ન તું મોરીરે નગરીયા—એ રાહ.

चंपराज—અહો પ્યારિ પુર હું ચકચુર છું તુજ પ્યારમાં—ટેક.
રસિલા કંઠે, રિઝવે સદા મને,
નહીં નહીં મધુરતા તારી આ અન્ય નારમાં—અહો.
તુંજ ગાયન થકી, મન રીઝવે અતી.
નથી કદી રસીક જોઇ મેં કહી ગાનારમાં—અહો.

બલસાગર તુમી વીર શીરોમણી—એ રાહ.

सोनराणी—સ્વામિનો વીયોગ સતીને, અતીછેરે દુ:ખકાર,
બહુ પીડાયે વીયોગેથી, પીડા અપરંપાર,
જશે સ્વામી વિદેશ કાલે, ઉઠે મને અંગાર,
થાશે વીયોગ છ માસ સુધીનો, સુખ નહીરે તલભાર,
હવે સઉ ભોજન પાનાદિકની, સામગ્રિ તૈયાર,
જેમ વિયોગે તું કરતિતી, તેમ કરજે નીરધાર.

ઉપલી રાહ.

दासी—બાઇ ઘટે નહી વિચાર આવા, પરાધિન ભરથાર,
બળ બહુ છે તે રાજાઓનું, તેથી થયા લાચાર,
છે તુજ સ્વામી શુરવીર બાહાદુર, પણ ત્યાં છે લાચાર,
અકબરના પરાક્રમની પાસે, નમ્યા સઉ સરદાર.

ચલન કર ભલે—એ રાહ.

सोनराणी—દાસી તું બાઈ જા, સરવે અંહીથીરે લઇ જા.
કુમકુમ દરપણ, અંજન આ સઉ ભાર

થાશે હમણાં સ્વામી વિયોગ, જાશે સુખતણો શણગાર.
રે, અરે હવે શું કરૂં, તેને, હવે દેખાશે કારી ઘા.

ચાંપરાજ— અલમને ગમને આન ઘેરા—એ રાહ.
ધીરજધર ધીર સલુણી નાર, દિવસ રહ્યા મને જાણુ પ્રિયા તું;
વિદેશ જવાના બહાર.
ખરેખર તું છે હૈયાનો હાર, ના, નહી હું, મુજપ્રાણાધાર તું;
થા ન ઉદાસ લગાર.
પ્રીયા તુજ પ્રિતી અપરંપાર, પ્રેમી બાંધ્યો પ્રેમે મુજને;
પણ પ્રેમી લાચાર.
સમજ તું પરાક્રિનનો સાર, ના નહી મુજને ચાલે ગયા વિણ
કોપે શાહા નીરધાર.

અનેક સજન ગ્રહસ્થો—એ રાહ..

સોનરાણી-બોલ્યા શું પ્રાણાધાર, એ નહી નહી થનાર,
રીત પાળુ પ્રિતની, કહો ન કંઈ લગાર—ટેક
આંજણુ અંજન કુમકુમ ચંદન, કે બીજો શણગાર.
બાલા બરછી વત્માનિને, હું નહી તે ધરનાર—બોલ્યા,
ઝરનર તુલશી કાંપદામણી, આ નવસેરો હાર,
જાણું સૌએ શાંપ વીંછીહું, છે મુજને ડસનાર—બોલ્યા.
સાડી ઝરીયન બાંટ પટોળાં, રેશમી સાલું સાર,
અતલશ ચોળી રેશમી કમખા, તમ દરશણ વીણભાર-બો.

દેખી અયેસી ચતરનાર—એ રાહ.

ચાંપરાજ—સમજ તું શીયાણી નાર, એ નહી છાજે કર વીચાર'
સાર વાર સમજી સહું, વર્તવું જ પ્રાણાધાર.—ટેક.

શાહા અતી વિવેકી ભારી અદલ ન્યાયિ ન અવિચારી,
તોડું નહી વફાદારી, જો છઊં હું વફાદાર.--સમજતું.

પ્રભુ એક તુજમાં છે આશા હમારી—એ રાહ.

सोनराणी–

શણગાર શી હોંશે કરવા. સુણરે દાસી શણગાર શી હોંશે કરવા–ટેક
સ્વામી વિયોગે સુખનાં શરીરે, પાક ગમે નહી જમવા—સુણરે.
જાશે વીદેશે સ્વામી મારો તેથી, જીવ લાગ્યો છે ભમવા—સુણરે

સખીરી કયા કરૂં ન માનેરી—એ રાહ.

सोनराणी–

રહું તમ દરશણ સદા મને, પ્રાણ પીયારા મુજ નેણના ઓતારા;
ખરે વિયોગે તમારા, જાય દીવસ અમારા.—ટેક.—તમ દરશણ
ચેન નહી લેશ, ઘડી યુગ સમ જાય મુને,
સાથ સાથ સદા વસો, પ્યારા મારા——તમ દરશણ.

મોહે પીઆ મીલનકો જાનેદે—એ રાહ.

चांपराज–રહો ધીર ધરીને શાંન્તિથી મારા પ્રાણ.
આધાર પ્રાણાધાર તું, સવારે બપોરે અવારે.
તમારૂં ધરીશ ધ્યાન——ટેક.——ધીર.
મનહરણ હે પ્રાણ પ્યારી, રસીલી છબીલી ગતી ન્યારી.
શાન્તિ ધરી થાઓ શાન્તપ્રાણ. ગેળવશે ઈશ તે ભગવાન--ધીર.

અયે મહેર બેવફા હુવા કયું—એ રાહ.

सोनराणी–

સીધાવો મારા સ્વામજી, મુજ પ્રાણના આધાર,—પધારો પ્રાણધાર
આધાર છેજ આપનો, નહી તો નીરાધાર,– કરજો ન નીરાધ

પળજો વચનથી વળજો,વગે ઓપ્યારા ભરથાર,—સમજી અહીંનો સાર
મળજો આવી ને વેગથી, વીતે વખત જે વાર,—નહી ચેનરે લગાર·
વિનંતી મારી નાથજી, તુજ ધ્યાનમાં ઉતાર,—રાખી મારાપર પ્યાર.
વિયોગથી દીનરાત મુજને, લાગે દુ:ખ અપાર,—વીચારજો સરદાર.
કુચેસી બાંતે યે હુયે ઈસ વખ્ત કહાં હો દીલબર—એ રાહ.

चांपराज—ક્ષત્રિ કલંક કહો નીજ શિરે કયમ દેશે,
આવું અશુદ્ધ વાક્ય, ક્ષત્રિ કહો કયમ સેશે.—ટેક.
કરણ અરજુન ભીમશેન કૃષ્ણ વેન,
અતિબાહાદુર આમ વચન કહો કયમ લેશે.
હું રજપુત મારે ઘેર છે શુદ્ધ સતી ખરી,
મુજ પત્નિ સુકુમાર છે બાલેવેશે,
કરે જો કોડ કોઇ હોડ કરં તે સાથે,
હાડાનું કુળ આમ દુષણ શિર કયમ લેશે ?
બીનયાર ગમખ્વાર કોઈ નહી—એરાહ.

सोनराणी—
સતીને દુ:ખ વિયોગ પતી, સતિની પતીવીણ સુન્યગતી.—ટેક
સુખી સંયોગે દુ:ખી વીયોગે, પતીવીણ મુઢ મતી,
ના નહી સતીને વીયોગે ઝુરાવો, ઓ વિશ્વાધીપતી.
રસીક કીતી હા શેલા—એરાહ.

सोनराणी—માગ્યું તમે શું આ કૂઈબા, અરેબાઇ,
આ વસતુ નજીવી, કાંછે, તે પર ચાહ.—ટેક.
પુજનની આ કટારી, જે બહુ મને પ્યારી,
કરું ’ન ન્યારી, માગો કંઇક વિચારી,
નહી તમથી એ ભારી, છે પૂજન સારૂ આ.

અજબ હુયે ભાંગકા પીઆલા—એ રાહ.

चांपराज—

નહી દરકાર આ દેહની, જીવું તો શું ? મરૂંતો શું.
હું છું મરનાર ખુશીથી તો, જીવુંતો શું મરૂંતો શું,
અરેરે ઓરતોના પ્યાર, ને ધીઃકાર છે ધીઃકાર,
ખરો માન્યો તેથી ફીટકાર, જીવુંતો શું મરૂંતો શું.

તું કૈહા હુયે મેરી જાન—એ રાહ.

चांपराज—

આહીં ઓળખું નહીં કોઇને, કયાંથી દઊં જામીન.
પ્રાણુ દેવા માટે હું, કોને કરૂં જામીન.—ટેક.
સોગન હું ખાઊં ઇષ્ટના, વળી શરતે હજાર,
પણ આવા વિકટ કાળમાં, કયાંથી દઉં જામીન.

બનજારા.

चांपराज—

આ ભવજળના સંસારે, કોણુ મીત્રવીના ઉગારે,
વળી પ્રાણુદેવા સથવારે, કોણુ મીત્રવીના ઉરધારે,
આ દુઃખાબ્ધી સાગરમાં, મીત્રનું નાવ નહી કરમાંરે,
ખાયે ગોથાં તે વચગારે, કોણુ મીત્રવીના ઉગારે,
અતીદુઃખ સ્મર્ણું હોવનમાં, પણુ મીત્ર વસ્યો જે મનમાંરે
નહી ભય તનમાં રે લગારે, કોણુ મીત્ર વીના ઉગારે.

અજબ હુયે ભાંગકા પીઆલા—એરાહ.

पाहाडसींग—અજબછે વાત! આ સર્વે, થયું આ શું! થયું આ ?
રહયો છું હું અતી ભર્મે થયું આ શું ! થયું આ ?

અરે મુજ મીત્ર પર આફ્‌ત, વિતાડી શું તમે ભગવત!
થયો આ કેર રે અણુહદ, થયું આશું ! થયું આશું !
સોનારાણી સતી ખરીનાર, સુજ્યું તે શું તને આવાર!
નહી સમજતણો તેનો સાર. થયું આશું! થયું આ શું!

હુયે હુયે હુયે શર્ની આજ હુએ પાઈ—એરાહ.

सोनराणी—

દાસી આજે કર તું સહુ શુભસાજ, જન્મ તીથિ સ્વામિની આ જ
લાવો સૈ સામગ્રીના સાજ, પુજું તીથી હું તે કાજ,
મળશે જટ આવી મુને મહારાજ, વધુ શું કહું ! લાગે લાજ.

આરતી.

सोनराणी—જે ઉદયા શક્તિમાં, જે ઉદયા શક્તિ
શરણુ મુને નિજ રાખો, પામું હું મુક્તિ
સુખીં રહો સ્વામિ સદાય. માંગુ તુજ પાસે મા
એ સુખી મને સુખ થાયે, આપો ઉલ્લાસે.

ખ્વ.ર ખ્વાર ચારો ખ્વાર—એ રાહ.

चांपराज—જાર, જાર, તુંમાં જાર હે નિર્લજ નફટ ધિકાર
દુષ્ટ તુને જા છે ફીટકાર, હાય કીધો તે મુજને ખ્વાર—ટેક,
ઓ પાપી રંડાનાર; કીધો તેં વ્યભિચાર;
આ તલવાર કરશે પાર, એ નિશ્ચે તું ધાર.

રાજાજી ન કરો જુલ્મ યે—એ રાહ.

सीओ—

હાડાજી શું કરો કેર આ, નિર્દોશ છે આ નાર ખરીરે—ટેક.

રે ક્યાંથી આવ્યા. કોણે કોપાવ્યા, શું વેમ લાવ્યા
રેહેમ કરો મહારાજા..................નિર્દોશ.

કોઈ સુનો મોરી ફરીઆદ—એ રાહ.

सोनराणी–
અરે અરે અરે કિરતાર. આ ક્યાંથી આવ્યો મુજપર દુઃખનો માર
હાય, હાય, હાય,—ટેક.
ધર્મ હું મારો ચુકી નથી. નથી ચુકી હું વ્રતનો સાર.
પતિવ્રત છે મેં જાળવ્યું; શાક્ષી તું કીરતાર.
થા સહાય મને તું, ભવજળ તારણહાર—હાય, હાય, હાય.
શું સ્વામિ આવી ગયા, નહીં સમજાણો સાર,
કોપ કરી સ્વામિ ગયા, નહીં મન મેહેર લગાર.
કર રક્ષણ તું હવે. પૃથવિ પાલનહાર——હાય, હાય, હાય.

બન્જારા.

सोनराणी–
આ કર્મ તણી છે કાહાણી. હાડારાણી થઇ નાયકાણી
છે મુજ જીવન ધુળધાણી, આ વાત જગતમાં ગવાણી
નહીં બહાર કદી પગ દીધો, આવેશે આ વેશ લીધો
એવી કર્મની રેખ લખાણી—હાડારાણી
મારા વ્રતના પાલનહાર, થા સહાય મુને કીરતાર.
રેહશે લાજ જો તુથી રખાણી—હાડારાણી.

ઉપલી રાહ.

दासी—બાઇ સત્ય કહી એ વાણી, થશે સહાય તુને કલ્યાણી,
ઇશ દ્રષ્ટિ નમ્ર કેવાણી થશે સહાય તુને કલ્યાણી.

છે નોધારનો આધાર, એ અનાથનો સરદાર,
છે પ્રભુએ સારંગ પાણી, થશે બહાય તુને કલ્યાણી,
નહી વ્રતનો ભાવ ચુકાયો, પતીવ્રતનો ન ધર્મ મુકાયો,
પછી કાં મનમાં ભરમાણી, થશે સહાય તુને કલ્યાણી.

સીતાજીના મહીનાની—રાહ.

पाहाडसींगनी स्त्री—

મીત્ર માટે તમો પ્રાણનાથ, મરવા તૈયાર છો,
ધન્ય ધન્ય એ શુકૃત કામ, ધન્ય ધન્ય એ વીચાર જો.
ધન્ય સફલ તમારો પ્રયાશ બચે મીત્ર પ્રાણજો,
મને છે અતી હર્ષ એ વાત, નીશ્ચે સ્વામી જાણજો,
પણ જરૂર વીયોગે હું આપ, છાજે નહી આપને,
માટે મરવા મને દિયો નાથ, જાણી પરીતાપને,
હું આધાર વીના નીરાધાર, ફરશું એકલી,
લાગે સુનો સૌ સંસાર, મરી જઈશ ટળવળી.

ઉપલી રાહ.

पाहाडसींग—શોક છાંડી અને મારા પ્રાણ સીધાવો કૃપા કરી,
આમ જોઇ તમારો શોક, છાતી જાય ચર ચરી,
લઇ બાળને પ્યારી તું સાથે, આ સાથે સીધાવને,
લેજે નોકરની સંભાલ, સાચવજે બાળને,
આ ભવાનસીંહ સાથે, તુ ભાઇ ડાહયો થૈ ચાલજે,
વધે જે થકી કુળની લાજ, એવી રીતો પાળજે,
મીત્ર આવી સમજશે જો ઘાત કરશે ઘાત આપની,
તેને ધીરજ દેજે મારા પ્રાણ ગરજ સારે બાપની.

પ્યારા પુત્ર સમીત્ર કલત્ર ઘેરે પાછા જાઓની,
મારા પ્રણામ સહસ્ત્રજ વાર વીદાય તો થાઓની.

શકલ જગી સારએ બંધુ—એ રાહ.

चांपराज—ખરે તે ભાઇ, સાચવ્યો તુજ પ્યાર.
મુજ માટે મારવા થયો તું તૈયાર—ખરે.
અવધ પુરી થઇ, હું આવ્યો અહીં,
ઘેર હવે તું સીધાર—ખરે
મરવું તારૂં, શુભ ન માર,
કલંક રહે તું વીચાર—ખરે.

માંડ—ગજલ.

सोनराणी—
"કોઇને શીરપરે વગર વીચારરે ખોટું ન દીજે રે આળ"
સુરજ છાયો બાદલે દો ઘડી છુપી જાય
બાદલ છાયા બીખરી જાતા જાહેર જગમાં જણાય—ટેક.
કંચન શુદ્ધ છે શોભીતું તેને બાદલું કેશે કોય,
તાપ તેને દઇ કરે કસોટી હેમ પ્રગટ તવ હોય.
નરનારીના જોડલા, તેના દીલની દોરી એક.
વેમ વીચારી લાવશો તેમાં તુરત તજે નહીં ટેક.
વીચારી નર વાવરો તમે ચુગલની તલવાર.
"સાચ ખોટ જાણ્યા વીના તે ગુમ મારશે માર."

પીઆરસે બદલી કયું નજર તોરી—એ રાહ.

सोनराणी—પ્યારકી હમસેં હો ન બતીયાં—ટેક.
હમ પછી પરદેસકેરે રખેંન કીસેં પ્રીત,
ગાનાંબજાનાં સલામ લેનાં યેહી હમારી રીત.
હમ બેરાગી બાવરે હએ નહી હમસે કુછ પ્યાર.
પ્યાર હમારા યાર ગયાલે હુંઢે વો દીલદાર.

અજી સાહેબ નતીજા મીલ જાયેગા—એ રાહ.

मोनराणी—લાવો સાહેબ મજુરી આપો મને.
પ્રાણુથી પ્યારીને, કેમ વીસારી,
ઓ અહેમક કરે ચુપ. મજુરી આપો મને.
સુતા આવી સેજમાં, કાં વીસારો આપ,
આપ વીયોગે ઝુરતા. ઉઠે અંગે તાપ,

शेरबेग—ક્યા ભુલી તુ ઓસરી, યા ભુલી ઘરબાર,
કીસે સુનાતી બાતએ, નહી હે શર્મ લગાર.

मोनराणी—કંઈક વીચારો કંઈક વીચારો, ઓ અહેમક-મજુરી
મેનત લીધી માસની, આપ્યા દીવસ અઢાર,
આપો બાકી દામજે, રહ્યું દીવસનું બાર,

शेरबेग—પયેજાનું નહી મેંયે કબી. હુવે તું કુબ્જન નાર
દેખી નહીં મેંને કબી, ક્યા કરતી તકરાર,

मोनराणी—કંઈક વીચારો કંઈક વીચારો, ઓ અહેમક-મજુરી.
વાત ખરીજો આપની, લો સોગન ત્રણવાર.
શાહુ હજુરે કરો તમે, એ વાત ઇકરાર,

शेरबेग—અમાં કહું પ્યાર બેનજી. સોગન લાખ હજાર,
બાત કરીજો આપસે, કસમ પરવરદીગાર,
કંઈક વીચારો કંઈક વીચારો, ઓ અહેમકરે-મજુરી.

મેરે ગમકા તરાના સુનીએ કીસાના—-એ રાહ

मोनराणी—
મારા કર્મની કાણી, રે દયા આણી સુણો શાહ પીતા.
હું નહી નાએકાણી, છું હાડાની રાણી, રે દયા આણી
સુણો શાહા પીતા,
નીશાની જે મળી આપને હે પીતા સરદાર,

હું માલક છું એહની કપટ થયું નીરધાર,
હું દુઃખમાં ધવાણી દુઃખમાં દબાણી રે દયા આણી,—સુણો.
સ્વામી છે એ માહરો, છે મુજ પ્રાણ આધાર,
હું દાસીછું એહની એ મારો સરદાર,
એના પ્રેમનીલાણી ચાહે આપ્રાણી રે દગાઆણી.—સુણો.

(રાગ) માલકોસ

चांपराज—

અપરાધ ક્ષમા કર મારો, પ્રીયા અપરાધ ક્ષમા કર મારો,
થયો અપરાધી હું તારો..................અપરાધ,
થાય અતી પરીતાપ મને જે, દીધામેં ફીટકારો,
તુજ નીગોતે જે હું ફરયો તો, પામ્યો તુથી છુટકારો—અપરાધ.

શાહેવાલા ફીજે ધીયાન—એ રાહ.

सोनराणी—

બોલ્યા શું પ્રાણાધાર, ના નહીં એમાં દોષ તમારો,
પ્રાણપતી નહી ઊરમાં આણો થવાનું થયું નીરધાર—બોલ્યા
કપટીએ નીજ કપટ કરીને, કીધા દુષ્ટ આચાર,
સત્યતણો ફતેહ થઇ સ્વામી, સહાય થયા કીરતાર,

હજાર શુક્ર હયે ખુદા દો જહાનકા—એ રાહ.

બધા મળીને.

રહો પ્રભુ મેહેર સદા હમ નગો પરે,
સતીનું સત્ય જાગ્યું તે ઈશ્વરે ખરે;
આસત્ય પામી ફતેહને અસત્ય આ ખરે,
પડસું જુવા અસત્ય આ ચડાને શી ખરે;
જન કરસે તેવું ભરસે વલી વાવે તેવું લણસે,
જુવો આંહી જે બન્યો બનાવ નવો નજરે;
ધનધન છે સોનારાણી ધનધન છે હાંડારાણી,
જય થયો વીજય થયો જીત્યો જીત્યો રજપુત રે.

જમનાદાસ ભગવાનદાસની કુંપનીએ પ્રગટ કરેલાં પુસ્તકો.

શાળોપયોગી પુસ્તકો.

	રૂ.આ.પૈ.
સૅન્ડફર્ડ મર્ટનના મિનીગ	૦-૧૨-૦
રૉયલ સ્કુલ પ્રાઇમરના મિનિંગ.	૦-૪-૦
રૉયલ રીડર નં. ૧લાના મિનિંગ.	૦-૬-૦
રૉયલ રીડર નં. ૨જાના મિનિંગ.	૦-૮-૦
રૉયલ રીડર નં. ૩જાના મિનિંગ.	૦-૧૦-૦
રૉયલ રીડર નં. ૪થાના મિનિંગ.	૦-૧૦-૦
રૉયલ રીડર નં. ૫ માના મિનિંગ.	૦-૧૨-૦
હાવર્ડકૃત પ્રાઇમરના મિનિંગ	૦-૪-૦
હાવર્ડકૃત અંગ્રેજી બીજી ચોપડીના મિનિંગ ...	૦-૬-૦
ફારસી આમોદન નામાનો	

	રૂ.આ.પૈ.
અં૦ ગુ૦ તરજુમો. ...	૦-૨-૦
શાળોપયોગી કોષ્ટકો	૦-૧-૦
ન્યુ રૉયલ નં. ૧ લાના મિનિંગ	૦-૬-૦
ન્યુ રૉયલ નં. ૨ જાના મિનિંગ	૦-૮-૦
ન્યુ રૉયલ નં. ૩ જાના મિનિંગ	૦-૧૧-૦
ન્યુ રૉયલ પ્રાઇમરના મિનિંગ.	૦-૩-૦
શોર્ટસેન્ટેન્સીસ.	૦-૨-૦
બાળમિત્રના મિનિંગ	૦-૩-૦
બાળ મિત્ર પોથી	૦-૧-૦
Copious notes on Vicar of Wakefield ..	0 12 0

નાટકનાં પુસ્તકો.

ગુલશને બખાર ઉર્ફે તમાશાહાએ પુરબહાર (કે જેની અંદર ૯ ઉરદુ ખેલો, બે જલસા, બંદગીઓ, બન્જારાના ગાયનો, તથા મુજરાઓમાં ગવાની ૧૫૦ ગજલોનો સંગ્રહ કીધો છે	૧-૪-૦
ચંદ્રસેનને ચંદ્રપભા નાટક ...	૦-૬-૦
મંદા દુઃખદર્શક...	૦-૬-૦
છેલ સેલાણી અને વિક્રમચરિત્ર	૦-૬-૦
તમાશાએ નતિજએ અસમત...	૦-૬-૦
અન્જામે સખાવત	૦-૫-૦
ચંદન મલયાગરી નાટક.	૦-૪-૦
તમાશાએ ચાંદની	૦-૪-૦
મજ્નુના (ઉર્ફે અક્રમરે ચરતરો.	૦-૪-૦
ગુલશને બેદાદ (ઉર્ફે શીરીંફરહાદ)	૦-૪-૦
તોહફયે દીલફોશા	૦-૩-૦
સોબતે અસર અથવા મોહન દુઃખદર્શક	૦-૩-૦
નયરંગે ઇશ્ક	૦-૪-૦
તકશી સુલેમાનીના ઉરદુ ખેલ.	૦-૩-૦
ગુલશને બાહાર અફઝા. ...	૦-૨-૦
ગુલબકાવલી નવી.	૦-૪-૦
અન્જામે સુખન.	૦-૩-૦

એ શિવાએ દરેક જાતની નાટકની, વારતાઓની, અંગ્રેજી ગુજરાતી, ઉરદુ ચોપડીઓ પણ મળસે, જથ્થાબંધ લેનારને કમીશન ઘણુંજ સારૂં આપવામાં આવશે.

મેહેતા જમનાદાસ ભગવાનદાસની કુંપની;
મૅનેજર—જમનાદાસ ભગવાનદાસ,
ઠેકાણું—મુંબઇમધ્યે ભુલેશ્વર આગળ.